# હાલારના સાંસદ દ્વારા વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે સર્વરોગ નિદાન કેમ્પનો પ્રારંભ



તસવીર: સુનિલ ચુડાસમા





## સાંસદે તેમના જન્મ દિવસ નિમિતે સંતો-મહંતોના મેળવ્યા આર્શિવાદ, કેમ્પનો લાભ લેવા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે ચાલતી ઉજવણી તેમજ જામનગર જિલ્લાના સાંસદ પૂનમબેન માડમનો આજે જન્મદિવસ હોય, જે અંતર્ગત આજરોજ સર્વરોગ નિદાન કેમ્પ તેમજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત સંતો-મહંતો તેમજ રાજકીય અગ્રણીઓ અને કાર્યકરો-શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતાં. આ કેમ્પ ઓશવાળ સેન્ટરમાં આજે સવારે ૯ વાગ્યથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. આ કેમ્પમાં વિવિધ રોગોનું નિદાન કરવામાં આવશે.

## જામનગર શહેરમાં ફાયર સેવાના હેલ્પલાઈનમાં મોટો ફેરફાર : હવે ૧૦૧ના બદલે ૧૧૨ રહેશે કાર્યરત

જામનગર : નાગરિકોની સલામતી અને કટોકટીના સમયે ત્વરિત મદદ મળી રહે તે હેતુથી ગુજરાત સરકારે ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ હેઠળ સિંગલ ઈમરજન્સી નંબર ૧૧૨નો વ્યાપ વધાર્યો છે. તેના પ્રથમ તબક્કામાં જામનગર સહિત રાજ્યની છ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓને ૧૧૨ સાથે સાંકળી લેવામાં આવી છે.

જામનગર, અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર અને ગાંધીનગર મહાનગરપાલિકાની ફાયર સેવામાં આજે તા.૨૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યાથી જૂના ૧૦૧ નંબરના સ્થાને સત્તાવાર રીતે સંકલિત ઈમરજન્સી નંબર ૧૧૨ કાર્યરત કરવામાં આવી રહ્યો છે.

હવેથી આગ લાગવી, અકસ્માત સર્જાવો, રેસ્ક્યુ કામગીરી અથવા અન્ય કોઈ આપાતકાલીન પરિસ્થિતિમાં નાગરિકોએ અલગ-અલગ ઈમરજન્સી નંબર યાદ રાખવાની જરૂર રહેશે નહીં. માત્ર ૧૧૨ નંબર પર કોલ કરવાથી જરૂરી ફાયર અને ઈમરજન્સી સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

નવી વ્યવસ્થામાં ફાયર શાખાના વાહનોમાં જીપીએસ તથા મોબાઈલ ડેટા ટર્મિનલ ઉપકરણો લગાવવામાં આવ્યા છે. તેના કારણે કંટ્રોલ રૂમમાંથી ફાયર વાહનોનું વાસ્તવિક સમયનું સ્થળાંતર અને ચોક્કસ લોકેશન જાણી શકાશે તેમજ ઘટનાસ્થળે પહોંચવાનો સમય પણ મોનિટર કરી શકાશે. પોલીસ, ફાયર અને એમ્બ્યુલન્સ સેવાઓને એક જ કેન્દ્રીય કમાન્ડ સિસ્ટમ સાથે જોડવામાં આવતાં કટોકટીના સમયે જરૂરી તમામ એજન્સીઓ વચ્ચે વધુ ઝડપી સંકલન થઈ શકશે.

ખાસ બાબત એ છે કે નાગરિક ભૂલથી જૂના ૧૦૧ નંબર પર કોલ કરશે તો પણ તે કોલ આપમેળે ૧૧૨ના કેન્દ્ર પર સ્થળાંતરિત થઈ જશે. જોકે, જામનગર મહાનગરપાલિકા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા નાગરિકોને હવેથી કોઈપણ આગ, અકસ્માત, રેસ્ક્યુ અથવા આપાતકાલીન સહાય માટે સીધો જ ૧૧૨ નંબર ડાયલ કરવા અપીલ કરવામાં આવી છે. ફાયર સેવાનો નવો ઈમરજન્સી નંબર : ૧૧૨ આજથી સવારે ૧૧ વાગ્યાથી નવી વ્યવસ્થા અમલમાં.

# જામનગરમાં ગણેશ મહોત્સવ નિમિત્તે અન્નકૂટ, ગણેશ મહાયજ્ઞ યોજાયા




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના પંચવટી વિસ્તારમાં શ્રી ગણેશજી મહોત્સવનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જય માતાજી ગ્રુપ પંચવટી અને 'શિવ નંદન ગણેશ મહોત્સવ' મહોત્સવનો પ્રારંભ તા. ૧૪ સપ્ટેમ્બર, સોમવારના રોજ શોભાયાત્રા બાદ મહોત્સવની શરૂઆત થઈ હતી દરરોજ ૧૦૦૧ લાડુ પ્રસાદ અપાયો હતો. આ અવસર નિમિત્તે ગણેશ સ્થાપના બાદ સંગતમય હનુમાન ચાલીસા, અન્નકૂટ છપ્પન ભોગ, ગણેશ મહાયગ્ન સહિતના કાર્યક્રમ ઉજવાયા હતાં બાદમાં તા. ૧૮ ના રોજ યજ્ઞની પૂર્ણાહુતિ થઈ જતી. મોટી સંખ્યામાં લોકો સહભાગી થઈ ધન્યતા અનુભવી હતી.

# જામનગર અને દ્વારકા જિલ્લામાં બે દિવસમાં ૧૪૩ સથળેથી વીજચોરી ઝડપાઈ




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી દ્વારા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજચોરી સામેની ઝુંબેશ વધુ તેજ બનાવવામાં આવી છે. સતત ત્રીજા દિવસે આજે પણ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં વીજચોરીની તપાસ માટે વીજચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જામનગર શહેરના વિવિધ વિસ્તારો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં વીજચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ખંભાળિયા સબ ડિવિઝન હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાં પણ અલગ-અલગ વીજચેકિંગ ટીમોને ઉતારીને તપાસ કરવામાં આવી રહી છે. વિવિધ વિસ્તારોમાં ટીમો દ્વારા વીજજોડાણો અને વીજવપરાશની તપાસ કરવામાં આવતાં વીજચોરોમાં ફફડાટ ફેલાયો છે.

આ સપ્તાહના પ્રથમ બે દિવસ દરમિયાન, એટલે કે સોમવાર અને મંગળવારે, જામનગર શહેરના કેટલાક સ્લમ વિસ્તારો ઉપરાંત જામનગર ગ્રામ્ય, લાલપુર અને ધ્રોલ પંથકમાં સઘન વીજચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન કુલ ૧૪૩ થી વધુ સ્થળોએ વીજચોરી થતી હોવાનું બહાર આવ્યું હતું.

વીજચોરીના કેસોમાં કાર્યવાહી આગળ ધપાવી જામનગરના વીજચોરી પોલીસ મથકમાં બે દિવસ દરમિયાન કુલ ૧૪૩ પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી છે. નોંધાયેલી ફરિયાદોમાંથી ૬૦ ફરિયાદો એક લાખ રૂપિયાથી વધુની વીજચોરીની હોવાનું જાણવા મળ્યું છે.

આ કાર્યવાહીમાં મોટી રકમની વીજચોરીના કેસો પણ સામે આવ્યા છે. એક કેસમાં રૂ.૧૦ લાખથી વધુની વીજચોરીનો પુરાવો મળ્યો હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે અન્ય એક કેસમાં રૂ.૫ લાખની વીજચોરીનો પુરાવો મળ્યો છે. દરમિયાન, આજે પણ જામનગર શહેર, ગ્રામ્ય તેમજ ખંભાળિયા સબ ડિવિઝન હેઠળના વિવિધ વિસ્તારોમાં વીજચેકિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

### ઈદે-ગૌષિયા'ના જુલૂસના સમયમાં ફેરફાર બદલ

# સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હાજી જુમ્માભાઈ ખફીનું મુસ્લિમ અગ્રણીઓ દ્વારા સન્માન


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર શહેરમાં દર વર્ષે પરંપરાગત રીતે 'ઈદે-ગૌષિયા' (અગિયારમી શરીફ) ના પાવન પ્રસંગે ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે જુલૂસના સમયમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. જામનગર સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હાજી જુમ્માભાઈ ખફી દ્વારા આવતીકાલ તા. ૨૪/૯/૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યે જુલૂસ પ્રારંભ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

'ઈદે-ગૌષિયા' (અગિયારમી શરીફ)ના જુલૂસના સમયમાં ફેરફાર કરવા અંગે સૈયદ સમાજના પ્રમુખ સૈયદ મુનાફબાપુ દ્વારા સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હાજી જુમ્માભાઈ ખફીને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ધ્યાનમાં લઈ હાજી જુમ્માભાઈ ખફી દ્વારા જુલૂસના સમયમાં ફેરફાર કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

'ઈદે-ગૌષિયા' (અગિયારમી શરીફ) જુલૂસના સમયમાં કરવામાં આવેલા આ ફેરફારને લઈને સુન્ની મુસ્લિમ સમાજમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. સમાજના હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલા આ નિર્ણય બદલ જામનગર સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હાજી જુમ્માભાઈ ખફીનું મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન પ્રસંગે સૈયદ સમાજના પ્રમુખ સૈયદ મુનાફબાપુ, ફકીર સમાજના પ્રમુખ કયુમ શાહમાદર, કસાઈ સમાજ ના પ્રમુખ શબ્બીરભાઈ બાબી, ટ્રસ્ટી બાબરભાઈ લાખા તથા દરવાન સમાજના અગ્રણી સતારભાઈ દરવાન સહિત મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સિક્કા ટીપીએસ કોલોનીમાં ગણેશ ઉત્સવનું ભવ્ય આયોજન



જામનગર : જીએસઈસીએલ ટી.પી.એસ સિક્કા ખાતે સી.આઈ.એસ.એફ. કોલોનીમાં ગણપતિ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં સી.આઈ.એસ.એફ. કોલોનીના મહાદેવ મંદિરએ ગણપતિજીની ૧૧ દિવસ માટે સુંદર સ્થાપના કરવામાં આવેલ અને પૂજન અર્ચન કરવામાં આવેલ. મહોત્સવના ભાગરૂપે પ્રસાદનું આયોજન સિ.આઈ.એસ.એફ. કમાન્ડન્ટ સૌરભ રાથોઉર દ્વારા કરવામાં આવેલ જેમાં સીઆઈએસએફ ઇન્સ્પેક્ટર વિનિતકુમાર અન્ય અધિકારી તેમજ સીઆઈએસએફ કોલોનીના પરિવારજનો ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે જીએસઈસીએલ ટીપોએસ સિક્કાના ચીફ એન્જીનયર એચ ડી મૂંધવા ખાસ ઉપસ્થિત રહીને પુજન લાભ લીધો તેમજ સર્વે ઉચ્ચ અધિકારીગણએ વિશેષ હાજરી આપી હતી.તેમ એન.ડી.ત્રિવેદીની યાદીમાં જણાવેલ છે.

# આયુર્વેદ દિવસ નિમિત્તે જામનગર દ્વારા 'રન ફોર આયુર્વેદ' દોડ યોજાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : આજે આયુર્વેદ દિવસ નિમિત્તે 'ઈટરા' જામનગર દ્વારા 'રન ફોર આયુર્વેદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વસ્થ આવતીકાલ માટે આયુર્વેદને જીવનશૈલીનો હિસ્સો બનાવવાના સંદેશ સાથે યોજાયેલી આ દોડમાં 'ઈટરા' ના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ જોડાયા હતા.

ડાયરેક્ટર પ્રો. ડૉ. તનુજા નેસરીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં સવારે ૬:૩૦ કલાકે ઈટરા કેમ્પસ ખાતેથી દોડનો પ્રારંભ થયો હતો. દોડ વાલકેશ્વરી નગરી, સત્ય સાઈ સ્કૂલ, જોગર્સ પાર્ક, વિરલબાગ અને ડી.કે.વી. સર્કલ થઈ ધન્વંતરી મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. આયુર્વેદ દિવસની વર્ષ ૨૦૨૬ની 'સ્વસ્થ આવતીકાલ માટે આયુર્વેદ'ની થીમને અનુરૂપ આયુર્વેદને દૈનિક જીવનશૈલીમાં અપનાવવા અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું.

## ખંભાળિયા પંથકમાં જુગારના ત્રણ દરોડામાં ૧૫ શખ્સની અટકાયત

ખંભાળિયા : દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકામાં જુદી - જુદી ત્રણ જગ્યાએ સ્થાનિક પોલીસે જુગાર અંગેના દરોડા પાડ્યા હતા જેમાં ૧૫ શખ્સને પકડી પાડી સ્થળપરથી બધી થઈ રૂ. ૨.૩૪ લાખની માલમતા ઝબ્બે કરી તમામ સામે જુગારધારા ૧૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના બેરાજા ગામમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા કરશનભાઈ નારણભાઈ ચાવડા, હેમંતભાઈ દેવરખીભાઈ માડમ, ગોવિંદભાઈ મારખીભાઈ માડમ, ભાવેશભાઈ રણમલભાઈ ચાવડા, પરેશભાઈ સામતભાઈ બેરા અને હેમંતભાઈ રામદેભાઈ માડમ નામના ૬ શખ્સને ખંભાળિયા પોલીસે દરોડો પાડી ઝડપી લીધા હતા અને સ્થળપરથી રૂ. ૨૮૭૮૦ ની રોકડ રકમ તથા રૂ. ૩૫ હજારની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન તેમજ રૂ. ૨૦ હજારની કિંમતના ૨ નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૮૪ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે ખંભાળિયા તાલુકાના નાના આસોટા ગામમાં વાડી વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા દેવાયતભાઈ મારખીભાઈ માડમ, ભીમજીભાઈ નાથાભાઈ ચાવડા, મેરૂભાઈ રામદેભાઈ માડમ, શ્યામભાઈ સુરાભાઈ ચાવડા, હરદાસભાઈ ભીખાભાઈ ચાવડા તથા પ્રેમજીભાઈ મુળજીભાઈ નકુમ નામના ૬ શખ્સને ખંભાળિયા પોલીસે દરોડા દરમિયાન ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૧૩૨૦ ની રોકડ રકમ, રૂ. ૪૦ હજારની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૬૦ હજારની કિંમતના ૪ નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૧.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.


ઉપરાંત ખંભાળિયા તાલુકાના ઉગમણા બારા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ચંદુભા અલીયાજી જાડેજા, અશોક સિંહ તખુભા જાડેજા અને ચંદુભા કાનાજી જાડેજા નામના ૩ શખ્સને સલાયા મરીન પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૪૨૩૦ ની રોકડ રકમ, રૂ. ૧૫ હજારની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨૯૨૩૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# યાત્રાધામ દ્વારકામાં વિજય વિરાટ દિનની ઉજવણી નિમિતે કાળિયા ઠાકોરને વામન સ્વરૂપના શૃંગાર

### ૬૨ વર્ષ પહેલાં ૧૯૬૫ની સાલમાં પાકિસ્તાન દ્વારા જગત મંદિર ઉપર બોમ્બમારો કરવામાં આવ્યો હતો








દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં જગત મંદિરે ધામધૂમ પૂર્વક વિજય વિરાટ દિનની ઉજવણી કરવામાં આવી હતી હતી. વારદાર પુજારી દ્વારા કાળિયા ઠાકોરને વામન સ્વરૂપ અવતારના વિશેષ શૃંગાર કરાયા હતા. તેમજ જગત મંદિરેના શિખરે એક દિવસની વિજય ધ્વજ તરીકે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતુ?.

યાત્રાધામ દ્વારકામાં ભાદરવા સુદ-૧૨ બારસ વામન દ્વાદ્શીના રોજ વિજય વિરાટ દિનની ઉજવણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છેકે દ્વારકા નગરી ઉપર આજથી ૬૨ વર્ષ પહેલાં ૧૯૬૫ની સાલમાં ભારતના દુશ્મન દેશ પાકિસ્તાન દ્વારા જગત મંદિરનું નિશાન લઈ બોમ્બ મારો કરવામાં આવ્યો હતો. જ્યારે પાકિસ્તાન દ્વારા મંદિરને ઉડાવવા માટે દરિયાઈ માર્ગથી સર્વ કરવામાં આવ્યા હતા. તે સમયે દરિયાઈ પાણીમાં ઓટ હતી. તે સમયે પાણીનુ સ્તર નીચું હતું. જ્યારે દ્વારકાના નગરી ઉપર બોમ્બ મારો કરવા આવ્યા ત્યારે દરીયાઇ પાણીની ? ભરતી હોવાથી પાણીનું સ્તર ઊંચું હોવાથી ૧૫૬ જેટલા બોમ્બ આજુબાજુના ગામડાઓમાં પડ્યા હતા?. અને દ્વારકા નગરીની એક પણ કાંકરી હલી ન હતી. તેથી દર વર્ષ દ્વારકા જગત મંદિરે વિરાટ વિજય દિવસની ઉજવણી કરવામાં આવે છે.


દ્વારકાધીશ જગત મંદિર બ્રાહ્મણો દ્વારા વિષ્ણુ શાસ્ત્ર ના પાઠ તેમજ જગતમંદિરના શિખર ઉપર એક દિવસની વિજય દિવસની ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતુ. પૂજારી દ્વારા બપોરના ૧૨ ના ટકોરે કાળીયા ઠાકોરને વિશેષ, શિગાર સાથે વિજય વિરાટ દિન નિમિત્તે મહા આરતી કરવામાં આવી હતી. ઠાકોરજીને વામન સ્વરૂપનો શિંગાર કરાયો હતો. આજની તારીખે પણ આ બોમ્બમારાના અવશેષો સંસ્કૃત એકેડેમી દ્વારકાના મ્યુઝિયમમાં રાખવામાં આવેલ છે.

## ધ્રોલમાં નિઃશુલ્ક વજન ઘટાડા નિદાન કેમ્પ

ધ્રોલ : સ્થૂળતા અને અનિયમિત જીવનશૈલીના કારણે સર્જાતી સ્વાસ્થ્ય સમસ્યાઓના નિવારણ અર્થે ધ્રોલની પંચવટી સોસાયટી ખાતે આવેલા યુનિટી પ્લસ ક્લિનિક (યુનિટી પ્લસ ઓબેસિટી સેન્ટર) દ્વારા આવતીકાલ તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬, ગુરુવારના રોજ બપોરે ૨ થી ૩:૩૦ વાગ્યા દરમિયાન એક વિશેષ 'નિઃશુલ્ક વજન ઘટાડા નિદાન કેમ્પ' યોજાશે, જે ત્યારબાદ દર ગુરુવારે આ જ સમયે ચાલુ રહેશે. આ કેમ્પમાં વેઈટ મેનેજમેન્ટ સ્પેશિયાલિસ્ટ ડૉ. વિરલ જેઠવા દ્વારા એડવાન્સ ઈન્જેક્ટેબલ થેરાપી અને વ્યક્તિગત ટ્રીટમેન્ટ પ્લાન અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે, જે ૧ મહિનામાં ૧૦ કિલો સુધી વજન નિયંત્રિત કરવામાં, ભૂખ ઓછી કરવામાં તેમજ ડાયાબિટીસ નિયંત્રણ અને હૃદયરોગનું જોખમ ઘટાડવામાં સહાયરૂપ બને છે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ અગાઉથી મો. ૮૮૬૬૮૮૩૬૩૧ પર સંપર્ક કરી એપોઈન્ટમેન્ટ મેળવી લેવા સંચાલકો દ્વારા જણાવાયું છે.

# જામનગરમાં જય અંબે મિત્ર મંડળ દ્વારા વિઘ્નહર્તાને ૧૫૫૫૧ મોદકનો પ્રસાદ ધરાવાયો

## ૩૫૦થી વધુ સ્વયંસેવકોએ આખી રાત જાગીને લાડુ બનાવ્યા, મહાઆરતી બાદ લાડુ પ્રસાદરૂપી ભક્તોને વિતરણ : ૨,૫૦૦ લાડુ અબોલજીવોને અર્પણ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ગણેશોત્સવની ધામધૂમભરી ઉજવણી વચ્ચે જામનગરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા જય અંબે મિત્ર મંડળ દ્વારા ભગવાન ગણેશજીને અનોખો મહાપ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. ગણેશ પંડાલમાં ૩૫૦થી વધુ સ્વયંસેવકોએ આખી રાત મહેનત કરીને અંદાજે ૧૫૫૫૧ હજાર જેટલા લાડુ તૈયાર કર્યા હતા.

કૃષ્ણનગર શેરી નંબર-૪ના ગરબી ચોકમાં છેલ્લા ૨૧ વર્ષથી જય અંબે મિત્ર મંડળ દ્વારા ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષે ગણેશજી માટે અલગ પ્રકારનો મહાપ્રસાદ તૈયાર કરવામાં આવે છે. આ વર્ષે વિશાળ પ્રમાણમાં લાડુનો મહાપ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતો. લાડુ બનાવવા માટે ૫૦૦ કિલો ભડકુ, ૨૫૦ કિલો ગોળ, ૨૦૦ કિલો ઘી, ૩૦ ડબ્બા તેલ તેમજ આશરે ૨૫ કિલો કાજુ, કિસમિસ અને બદામ જેવા ડ્રાયફ્રૂટ્સ ઉપરાંત ૩ કિલો જાયફળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ વિશાળ આયોજનમાં ૧૫૦થી વધુ મહિલાઓ તથા ૨૦૦થી વધુ પુરુષો અને બાળકો સહિત ૩૫૦થી વધુ સ્વયંસેવકોએ રાતભર જાગીને લાડુ બનાવવાની કામગીરી કરી હતી. દિવસ દરમિયાન કાચી સામગ્રી એકત્ર કરવામાં આવી હતી અને રાત્રિના સમયે લાડુ બનાવવાનું શરૂ કરાયું હતું. સવાર સુધીમાં લાડુનો મહાપ્રસાદ તૈયાર થઈ ગયો હતો.

તૈયાર કરવામાં આવેલા લાડુ ભગવાન ગણેશજીને ધરાવવામાં આવ્યા હતા. મહાઆરતી બાદ ૧૫,૫૫૧ લાડુ ભક્તોને પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવશે, જયારે આશરે ૨,૫૦૦ લાડુ અબોલજીવોને ખવડાવવામાં આવશે. આ રીતે ગણેશોત્સવની ઉજવણી સાથે સેવાભાવ અને જીવદયાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

# જામનગરમાં સફાઈ પ્રશ્ને ખુદ કમિશનર મેદાનમાં ઉતર્યા

## રાત્રીના સમયે અધિકારીઓને સાથે રાખી વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ કર્યું નિરીક્ષણ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા રાત્રિના સમયે જુદા જુદા વિસ્તારની રૂબરૂ મુલાકાત કરી સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગઈકાલે સાંજના સમયે પત્રકારો સાથે સફાઈ તથા પાણી સહિતના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવ્યા બાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં સફાઈના પ્રશ્નો સામે આવતાં મ્યુનિસિપલ કમિશનર તુરંત જ એક્શનમાં આવ્યા હતા, અને રાત્રે સાડા નવ વાગ્યાથી સાડા બાર વાગ્યા સુધી આશરે ત્રણ કલાક સુધી ટીમ સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને જાતે નિરીક્ષણ કર્યું હતું

મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા સહિતના દ્વારા રાત્રિના રાઉન્ડ દરમિયાન સૌપ્રથમ જયશ્રી સિનેમા વાળી ગલી વિસ્તારમાં પહોંચીને સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં ગંદકી અને કચરાના પ્રશ્ન અંગે રજૂઆતો સામે આવતા મ્યુનિસિપલ કમિશનરે સ્થળ પર જ સફાઈ અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. સફાઈ કર્મચારીઓ અને સંબંધિત શાખાના સ્ટાફને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું હતું. ઉપરાંત વિસ્તારમાં અનેક રેકડી, પથારા સહિતના દબાણો જોવા મળતા મ્યુનિસિપલ કમિશનરે સંબંધિત ધંધાર્થીઓ સાથે રૂબરૂ વાતચીત કરી હતી. જાહેર સ્થળે કે રસ્તા પર કોઈપણ પ્રકારની ગંદકી ન થાય તેની ખાસ તકેદારી રાખવા અને પોતાના ધંધાના સ્થળની આસપાસ સ્વચ્છતા જાળવવા સૂચના આપવામાં આવી હતી.

દબાણોના મુદ્દે પણ એસ્ટેટ શાખાના અધિકારીઓને સ્થળ પર જ સૂચના આપવામાં આવી હતી અને આગામી દિવસોમાં આ વિસ્તારમાં કોઈપણ પ્રકારનું ગેરકાયદે દબાણ ન રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા તાકીદ કરવામાં આવી હતી. બાદમાં મ્યુનિસિપલ કમિશનર ટીમ સાથે ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્સ, પંચેશ્વર ટાવર સહિતના વિસ્તારોમાં ફરીને નિરીક્ષણ કરતા ભંગારબજાર રોડ તરફ પહોંચ્યા હતા. રસ્તાઓની સફાઈ, કચરાના નિકાલ તેમજ જાહેર માર્ગ પરના દબાણ સહિતના મુદ્દાઓનું સ્થળ પર જ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હવાઈ ચોક, બાલા હનુમાન મંદિર વિસ્તાર થઈ તળાવ રોડ પર, ખોડિયાર કોલોની વિસ્તાર સહિતના વિસ્તારમાં સાથે જ રસ્તાની આસપાસની સફાઈ જાળવવા દુકાનદારો અને હોટલ સંચાલકોને પણ મ્યુનિસિપલ કમિશનરે તાકીદ કરી હતી. રાત્રે સાડા નવ વાગ્યાથી સાડા બાર વાગ્યા સુધી આશરે ત્રણ કલાક સુધી સમગ્ર ટીમને સાથે રાખીને કરવામાં આવેલા આ રાઉન્ડ દરમિયાન જયાં-જયાં સફાઈ, કચરો અને દબાણ સહિતના પ્રશ્નો નજરે પડ્યા ત્યાં સ્થળ પર જ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

## બેડી બંદર રોડ પર મહિલાનો સોનાનો ચેન ઝૂંટવી બે શખ્સો એક્ટિવામાં ફરાર

જામનગર : શહેરના બેડી બંદર રોડ પર કેદાર પાર્ક વિસ્તારમાં પગપાળા ઘરે જઈ રહેલી મહિલાના ગળામાંથી સોનાનો ચેન ઝૂંટવી બે શખ્સો સફેદ એક્ટિવા પર ફરાર થઈ ગયાની ફરિયાદ સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.

બેડી બંદર રોડ, કેદાર પાર્ક શેરી નંબર-૨માં રહેતા તારાબા અણદુભા જાડેજા નામના મહિલા તા.૧૭ના રાત્રિના સમયે ચાલીને ઘરે જઈ રહ્યા હતા. ત્યારે પાછળથી કાળા ટી-શર્ટવાળો એક શખ્સ આવ્યો હતો અને તેમના ગળામાંથી સોનાનો ચેન ઝૂંટવી લીધો હતો. ત્યારબાદ તે શખ્સ સફેદ રંગની એક્ટિવા પર રહેલા અન્ય શખ્સ સાથે બેસી બંને ફરાર થઈ ગયા હતા. સોનાનો ચેન આશરે પોણા બે તોલાનો અને રૂ.૯૦ હજારની કિંમતનો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બનાવ અંગે સીટી-સી ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૪(૨), ૫૪ મુજબ ગુનો નોંધી બંને અજાણ્યા શખ્સોની શોધખોળ હાથ ધરી છે. તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એલ. કંડોરીયા ચલાવી રહ્યા છે.

## જામનગરમાં ઈંગ્લીશ દારૂની ૩૭ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર શહેરમાં પોલીસે દારૂના બે અલગ-અલગ દરોડા પાડી બે શખ્સોને વિદેશી દારૂની ૩૭ બોટલ જથ્થા સાથે ધરપકડ કરવામાં આવી છે.

જામનગરના કિશાનચોકમાં કબીર આશ્રમવાળી ગલીના જાહેર રોડ પરથી હરીશભાઈ મનોજભાઈ જાનકર (ઉ.વ.૨૭)ને ઝડપી લીધો હતો. તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂના કંપની સીલબંધ ચપલા નંગ-૨, કિંમત રૂ.૨૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

જ્યારે આશાપુરા હોટલ નજીક કરી હતી. અહીં જાહેરમાં દારૂ સાથે મહેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ ઝાલાને પોલીસે ઝડપી લઈ તેના કબ્જામાંથી વિદેશી દારૂના ચપલા નંગ-૩૫, કિંમત રૂ.૧૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

## જામજોધપુરમાં બે કલાકમાં વધુ એક ઈંચ



### રસ્તાઓ પર પાણી વહેવા લાગ્યા, ગ્રામ્ય પંથકમાં પણ ઝાપટાંથી ખેડૂતોમાં ખુશીની લ્હેર

જામનગર : જામનગર જિલ્લામાં ગઈકાલે બપોર બાદ અચાનક હવામાનમાં પલટો આવ્યો હતો. બપોરે ચાર વાગ્યા બાદ જામજોધપુરના આકાશમાં કાળા ઘેરા વાદળો છવાઈ ગયા હતા અને જોતજોતામાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. સાંજે છ વાગ્યા સુધીના માત્ર બે કલાકના સમયગાળામાં જામજોધપુરમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાતા શહેર તથા આસપાસના વિસ્તારોમાં પાણી વહેતા થયા હતા.

જિલ્લા કલેક્ટર કચેરીના કંટ્રોલ રૂમમાંથી મળતી માહિતી મુજબ, જામજોધપુરમાં સાંજે છ વાગ્યા સુધીમાં ૨૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. અચાનક શરૂ થયેલા ધોધમાર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

જામજોધપુરના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટાં વરસ્યા હતા. કેટલાક વિસ્તારોમાં એકથી દોઢ ઈંચ જેટલો વરસાદ પડ્યો હોવાનું જાણવા મળ્યું છે. વરસાદના પગલે ખેતરોમાં ભેજ પહોંચતાં ખેડૂતોમાં પણ ખુશીની લાગણી જોવા મળી હતી. હાલ પડેલો વરસાદ ખેતી માટે ઉપયોગી બનતાં ગ્રામ્ય પંથકમાં જાણે 'કાચું સોનું' વરસ્યું હોય તેવો માહોલ સર્જાયો હતો.

# જામનગર શહેરના ગુલાબનગર અને મિગ કોલોની વિસ્તારમાંથી રેકડી, પથારા અને ઝુંપડા ઝપ્ત કરાયા




જામનગર : જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરમાં જાહેર માર્ગો તથા કોર્પોરેશનની જગ્યામાં કરવામાં આવેલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગુલાબનગર તથા મિગ કોલોની વિસ્તારમાં વિભાજી સ્કૂલ સામે રેકડી-પથારા સહિતના દબાણો હટાવી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ગુલાબનગર રોડ પર કોર્પોરેશનની જગ્યામાં રેતી-કપચીનો જથ્થો રાખી કરવામાં આવેલા દબાણને પણ દૂર કરવામાં આવ્યું હતું. સ્થળ પરથી રેતી-કપચીનો જથ્થો તાત્કાલિક ધોરણે ઉપડાવી લઈ મહાનગરપાલિકાની જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા રોજબરોજની કામગીરીના ભાગરૂપે શહેરમાં જાહેર માર્ગો અને સરકારી-કોર્પોરેશનની જગ્યાઓ પર થતાં દબાણો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં પણ આવા દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે.

# બજરંગપુર ગામે બંધ મકાનમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, કિશોર ઝડપાયો

### સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત રૂ.૧.૫૧ લાખનો મુદ્દામાલ કબજે, એકની શોધખોળ



જામનગર : જામનગર તાલુકાના બજરંગપુર (વેરતીયા) ગામે હાઈસ્કૂલ નજીક બંધ મકાનમાં થયેલી ઘરફોડ ચોરીનો એલ.સી.બી.એ ભેદ ઉકેલી કાઢ્યો છે. ચોરીના ગુનામાં કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરને ઝડપી લઈ તેની પાસેથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ, મોબાઈલ ફોન તથા ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મોટરસાયકલ સહિત કુલ રૂ.૧,૫૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા સંજય રાયધનભાઈ દેવીપૂજકની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

રાજકોટ વિભાગના પોલીસ મહાનિરીક્ષક તથા જામનગર જિલ્લાના પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચના અને માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લામાં નોંધાયેલા વણઉકેલાયેલા ચોરીના ગુનાઓ શોધી કાઢવા એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.વી. ભાટીયા તથા સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. ટીમો દ્વારા સીસીટીવી ફૂટેજ ચકાસવા ઉપરાંત ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરી ચોરીના ગુનાઓ અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન એલ.સી.બી.ના ભરતભાઈ ડાંગર, ધર્મેન્દ્રસિંહ જાડેજા, ધનશ્યામભાઈ ડેરવાડિયા તથા કિશોરભાઈ પરમારને મળેલી ખાનગી બાતમીના આધારે ખીજડિયા બાયપાસ નજીકથી એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ઝડપી લેવામાં આવ્યો હતો. જેને આશરે દસ-બાર દિવસ અગાઉ આ કિશોર સંજય રાયધનભાઈ દેવીપૂજક, રહે. લતીપર રોડ, દેવીપૂજક વાસ, ધ્રોલ, સાથે મોટરસાયકલ પર બજરંગપુર (વેરતીયા) ગામે ગયો હતો. જ્યાં હાઈસ્કૂલ પાસે આવેલા એક બંધ મકાનના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી કબાટમાંથી સોના તથા ચાંદીના દાગીનાની ચોરી કરવામાં આવી હતી.

પોલીસે કિશોર પાસેથી સોનાની બે કાનની બુટી, આશરે રૂ.૫૦ હજારની કિંમતની, ચાંદીની એક લકી આશરે રૂ.૧૦ હજાર, રોકડા રૂ.૧,૫૦૦, ગુનામાં ઉપયોગમાં લેવાયેલ રૂ.૧૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન તથા જી.જે.૧૦ ઈ.કે.૪૭૯૮ નંબરની આશરે રૂ.૮૦ હજારની કિંમતની મોટરસાયકલ મળી કુલ રૂ.૧,૫૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સામે એ.એસ.આઈ. અરજણભાઈ કોડીયાતરે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે ફરાર આરોપી સંજય રાયધનભાઈ દેવીપૂજકને ઝડપી પાડવા તપાસ ચાલુ છે.

## વાનાવડ ગામે મકાનમાંથી જુગારનો અખાડો ઝડપાયો

### મહિલા સહિત સાત શખ્સની રૂ. ૨.૫૫ લાખની માલમતા સાથે અટકાયત

ખંભાળિયા : ભાણવડ તાબેના વાનાવડ ગામે વાડી વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડી જુગારનો અખાડો ઝડપી પાડ્યો હતો જેમાં એક મહિલા સહિત સાત શખ્સની અટકાયત કરી સ્થળપરથી રોકડ રકમ, વાહનો અને મોબાઈલ ફોન સહિત રૂ. અઢી લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ વિરુદ્ધ જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ તાલુકાના વાનાવડ ગામમાં રહેતો મનદીપ પ્રવીણભાઈ કંટારીયા નામનો શખ્સ ગામમાં આવેલી પોતાની કબ્જા ભોગવટાની વાડીએ મકાનમાં જુગારનો અખાડો ચલાવતો હોય તેવી ચોક્કસ બાતમીના આધારે દ્વારકા જિલ્લાની એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક મનદીપ કંટારીયા સહી દેવાયતભાઈ દેસુરભાઈ રાવલીયા, રામદેવસિંહ નટુભા જેઠવા, હરપાલસિંહ હમીરજી જાડેજા, રાજેશભાઈ સામતભાઈ રાવલીયા, યુવરાજસિંહ બાલુભા જાડેજા



અને મનિષાબેન સામતભાઈ કાંબરીયા નામની મહિલા સહિત ૭ શખ્સની અટકાયત કરી સ્થળપરથી રૂ. ૧ લાખની રોકડ રકમ તથા રૂ. ૨૫ હજારની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૨૫ હજારની કિંમતનું એક નંગ મોટરસાયકલ તથા રૂ. ૧ લાખની કિંમતની ઈકો કાર સહિત કુલમળી રૂ. ૨.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ઝડપાયેલા શખ્સોને આગળની કાર્યવાહી માટે ભાણવડ પોલીસ મથકે સોંપી દેવામાં આવ્યા હતા.